# સંકલ્પની ૨૦મી આવૃતિમાં સાફલ્ય ગાથા વર્ણવાઈ



મેગેઝિનનું લૉન્ચ કરી રહેલા શહેરના મહાનુભાવો અને MSUના સભ્યો

# MSUના BBA સ્ટુડન્ટ્સ એસો. દ્વારા સંકલ્પ મેગેઝિન લોન્ચ કરાયું

**સંદેશ**

એમ.એસ.યુનિવર્સિટીના બીબીએ સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા દર વર્ષે એક નવી થીમ સાથે સંકલ્પ મેગેઝિન પ્રકાશિત કરાઈ છે. જેમાં વિદ્યાર્થીઓએ માર્કેટિંગ ફિલ્ડમાં મેળવેલાં અનુભવો અને તેમની સાફલ્ય ગાથાનું વર્ણન કરવામાં આવે છે. તાજેતરમાં જ સયાજીગંજની એક હોટેલ ખાતે 'લાઈફ' થીમ સાથે સંકલ્પની ૨૦મી આવૃત્તિ પ્રકાશિત કરાઈ છે. આ વર્ષે મેગેઝિન ૩ વિભાગમાં વહેંચાઈ છે. જેમાં પ્રતિકાર, પુનરાગમન અને અનસ્ક્રીપ્ટેડ એમ ત્રણ વિભાગમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો શેર કર્યા છે. સંકલ્પ વિદ્યાર્થીઓને પોતાના માર્કેટિંગ અનુભવ લોકો સમક્ષ શેર કરવા મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પુરું પાડે છે. જેમાં વિશેષ અતિથિ તરીકે VMCના ડેપ્યુટી કમિશ્નર સુધીર કે પટેલ, શહેર ભાજપ પ્રમુખ ડૉ.વિજય શાહ, સેલિબ્રિટી ગેસ્ટ રાહુલ ભોલે, સામાજિક કાર્યકર્તા ભર્ગશેતુ શર્મા ફાઈનાન્શિયલ સ્ટ્રેટેજીસ્ટ હિતેશ માલી હાજર રહ્યાં હતા.